પંચાયત સેવામાં આવતી જગાઓ ઉપર રહેમરાહે નિમણુંકની અરજીઓની વિચારણા કરવા સારું સ્થાયી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦-૨૦૦૦/એમ-૨૦૫/છ,
સચિવાલય, ગાંધીનગર .
તા: ૧/૫/૨૦૦૦.

વંચાણે લીધો:- સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:ભરત/૧૧૯૭/ક, તા: ૧૦/૩/૨૦૦૦.

ઠ રા વ :-

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓના આશ્રિતના કુટુંબના એક સભ્યને રહેમરાહે નિમણુંકો આપવાની સુધારેલ યોજના અને તેની સંકલિત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. યોજનાના અસરકારક અમલ માટે તેમજ પંચાયત સેવામાં આવતી જગાઓ પર રહેમરાહે નિમણુંકની અરજીઓની ચકાસણી/વિચારણા કરવા સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવે તે વિભાગના સરકારના અધિક સચિવ/સંયુકત સચિવ/ નાયબ સચિવમાંથી એક અધ્યક્ષ અને બે સભ્યો એમ ત્રણ સભ્યોની હોદ્દાની રુએ બનેલી એક સ્થાયી સમિતિની રચના કરવાની રહેશે.

૩. સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના નીચે જણાવેલા અધિકારીઓની બનેલી નીચે પ્રમાણેની એક સ્થાયી સમિતિની રચના કરવાનું ઠરાવેલ છે.

| અ.નં. | નામ. | હોદ્દો. |
|---|---|---|
| (૧) | સંયુકત સચિવશ્રી (સેવા) | અધ્યક્ષ. |
| (૨) | નાયબ સચિવશ્રી (મહેકમ) | સભ્ય. |
| (૩) | નાયબ સચિવશ્રી(સંકલન) | |

૪. સમિતિનું કાર્યક્ષેત્ર સંદર્ભ તળેના ઠરાવમાં નીચે જણાવ્યા પ્રમાણે રહેશે.

(૧) અવસાન પામેલા પંચાયત સેવાના કર્મચારીના આશ્રિત કુટુંબના પાત્ર એક સભ્યની રહેમરાહે નિમણુંક માટેની અરજી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને મળતા તે વિભાગની ઉપર પ્રમાણે રચાયેલી સ્થાયી સમિતિએ તેના ઉપર રહેમરાહે નિમણુંકો આપવાની સુધારેલ યોજના તેમજ આ વિષય પરના સરકારના સામાન્ય વહીવટ વિભાગની વખતો વખત બહાર પાડવામાં આવેલા હુકમો/સૂચનાઓના સંદર્ભમાં ચકાસણી/વિચારણા કરવાની રહેશે.

(૨) વિભાગને આગળના માસ દરમ્યાન મળેલી અરજીઓની ચકાસણી/વિચારણા કરવા સમિતિના તમામ સભ્યોની એક બેઠક દરેક માસના બીજા અઠવાડિયામાં બોલાવવાની રહેશે. જરૂર જણાયે વધુ સારા મૂલ્યાંકન માટે સમિતિની આ બેઠકમાં રહેમરાહે નિમણુંકના ઉમેદવારોને રુબરુ સાંભળવા પણ બોલાવશે.

(૩) સમિતિ દ્વારા ચકાસણી અને વિચારણા થયા બાદ સમિતિએ તેની ભલામણો વિભાગના અધિક મુખ્ય સચિવ/અગ્રસચિવ/સચિવની વિચારણા અને મંજુરી માટે રજુ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,
- માન. રાજ્યકક્ષાના મંત્રી શ્રી (પં)ના અંગત સચિવશ્રી.
- વિકાસ કમિશ્નર શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ક- શાખા.
- સમિતિના સર્વે સભ્યશ્રીઓ.
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી વિશિષ્ટ ફાઇલ.

૫૧૫૨ટે.